# 5 મે 2016ના રોજ સ્કોટીશ પાર્લામેન્ટની ચૂંટણી અંગેની તમારી માર્ગદર્શિકા



The Electoral Commission

# મત કોણ આપી શકે?

તમે આ ચૂંટણીમાં મત આપી શકો છો, જો તમે સ્કોટલેન્ડમાં મત આપવા માટે નોંધાયેલાં હો અને **ગુરૂવાર 5 મે 2016ના** રોજ 16 વર્ષથી વધુ ઉંમરનાં હો, અને તમે:

- બ્રિટિશ અથવા આઈરિશ નાગરિક હો, અથવા
- કોમનવેલ્થ નાગરિક હો જેમની પાસે યુ.કે.માં રહેવાની પરવાનગી હોય અથવા જેમને યુ.કે.માં રહેવાની પરવાનગી મેળવવાની જરૂર ન હોય, અથવા
- બીજા કોઈ યુરોપીયન યુનિયન દેશના નાગરિક હો

વિદેશમાં રહેતાં બ્રિટિશ નાગરિકો સ્કોટીશ પાર્લામેન્ટની ચૂંટણીમાં મત આપી શકતાં નથી.

**સ્કોટીશ પાર્લામેન્ટની આ પ્રથમ ચૂંટણી છે જેમાં 16 અને 17 વર્ષની ઉંમરનાં લોકો મત આપવા લાયક બને છે.**

આ ચૂંટણીમાં મત આપવા માટે તમે **સોમવાર 18 એપ્રિલ 2016ની** મધરાત સુધીમાં નોંધણી કરાવેલી હોવી જરૂરી છે. તમે બને તેટલી વહેલી નોંધણી કરાવી દો તે અગત્યનું છે કદાચ રજિસ્ટ્રેશન ઓફિસને તમારી સાથે કોઈ વિગતોની ચકાસણી કરવી પડે.

**જો તમને તાજેતરમાં મતદાન કાર્ડ મળ્યું હોય તો તમે મત આપવા માટે નોંધાયેલાં છો.**

તમારા મતદાન કાર્ડમાં જણાવેલું છે કે તમારે ક્યાં અને ક્યારે મત આપવા જવાનું છે અને જો તમે નોંધણી કરાવેલી હશે તો તમને ચૂંટણી પહેલાં તે કાર્ડ મળી જશે.



મત આપવા માટે ઓનલાઈન નોંધણી કરાવો: **gov.uk/register-to-vote** અથવા **0800 3 280 280** પર ફોન કરો.

## મારે મત કેવી રીતે આપવો?



ત્રણ રીતે મત આપી શકાય છેઃ

**1. ગુરૂવાર 5 મે 2016ના રોજ તમારા મતદાન મથક પર જઈને**

તમારું મતદાન મથક ક્યાં છે તે જણાવતું મતદાન કાર્ડ તમને મોકલવામાં આવશે. મત આપવા માટે તમારી પાસે મતદાન કાર્ડ હોવું જરૂરી નથી, અને જો તે ખોવાઈ જાય અથવા તમને તે ન મળે, તો તમે તમારું મતદાન મથક ક્યાં આવેલું છે તે જાણવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરી શકો છો. **સવારના 7 થી રાત્રિના 10 સુધી મતદાન મથકો ખુલ્લાં છે.**

**2. ટપાલ દ્વારા**

ટપાલ દ્વારા મત આપવા અરજી કરવા માટે, ટપાલ દ્વારા મત આપવાનું એપ્લીકેશન ફોર્મ ભરીને તમારી સ્થાનિક ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસમાં મંગળવાર **19** એપ્રિલ 2016 **સાંજે 5 વાગ્યા સુધીમાં મળી જાય એવી રીતે મોકલી આપો.**

તમને તમારા મતપત્રકો ટપાલ મારફતે મળશે. તમારાં મતપત્રકો ભરીને પાછાં મોકલી આપો અને તે ગુરૂવાર 5 મે 2016 રાત્રે 10 વાગ્યા સુધીમાં મળી જાય તેટલા પૂરતા સમય પહેલાં મોકલવાની ખાતરી કરો.

**3. પ્રોક્સી દ્વારા (તમારા વતી તમારી ભરોસાપાત્ર બીજી કોઈ વ્યક્તિને મત આપવા મોકલવી)**

પ્રોક્સી દ્વારા મત આપવા અરજી કરવા માટે એપ્લીકેશન ફોર્મ ભરીને તમારી સ્થાનિક ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસમાં **મંગળવાર 26 એપ્રિલ 2016 સાંજે 5 વાગ્યા સુધીમાં મળી જાય એવી રીતે મોકલી આપો.**

ઈમર્જન્સીની પરિસ્થિતિમાં જ્યારે તમે જાતે મતદાન મથકે જઈ શકો તેમ ન હો તો તમે ઈમર્જન્સી પ્રોક્સી **માટે ગુરૂવાર 5 મે 2016 સાંજે 5 વાગ્યા સુધી અરજી કરી શકો છો.**

વધુ માહિતી માટે અથવા ટપાલ દ્વારા કે પ્રોક્સી મારફતે મત આપવાનું એપ્લીકેશન ફોર્મ મેળવવા માટે, **aboutmyvote.co.uk** પર જાવ અથવા અમારી હેલ્પલાઈનને **0800 3 280 280**પર ફોન કરો.

# મારે મતપત્રકો કેવી રીતે ભરવાં?

તમને બે મતપત્રકો મળશે:

## મતવિસ્તાર માટેનું મતપત્રક
(સ્થાનિક વિસ્તાર)

| **Election of Members of the Scottish Parliament for the [XXXXXXXXXXXXXX] Constituency** | |
|---|---|
| Vote for **only one candidate** by putting a cross in the box next to your choice | ✘ |
| **Candidate A**<br>A Party | |
| **Candidate B**<br>B Party | |
| **Candidate C**<br>Independent | |
| **Candidate D**<br>D Party | |
| **Candidate E**<br>Independent | |

આ મતપત્રક ઉપર તમે તમારા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ઉમેદવાર માટે મત આપશો. **એક ઉમેદવારના નામ સામેના ખાનામાં ચોકડી (X) કરો.**

## પ્રાંતિય મતપત્રક
(વિસ્તૃત મતદાર વિસ્તાર)

| **Election of Members of the Scottish Parliament for the [XXXXXXXXXXXXXX] Region** | |
|---|---|
| Vote **only once** by putting a cross in the box next to your choice | ✘ |
| **A Party** | |
| **B Party** | |
| **C Party** | |
| **Candidate D**<br>Independent | |
| **Candidate E**<br>Independent | |

આ મતપત્રક ઉપર તમે તમારા પ્રાંતનું પ્રતિનિધિત્વ કરતા પક્ષ અથવા નિષ્પક્ષ ઉમેદવાર માટે મત આપશો. **કોઈ એક પક્ષ અથવા નિષ્પક્ષ ઉમેદવારના નામની સામેના ખાનામાં ચોકડી (X) કરો.**

# સ્કોટીશ પાર્લામેન્ટ (સંસદ)ની ચૂંટણી

**ગુરૂવાર 5 મે 2016ના રોજ,** સ્કોટીશ પાર્લામેન્ટની ચૂંટણી થશે.

સ્કોટીશ પાર્લામેન્ટ સ્કોટલેન્ડમાં આરોગ્ય, શિક્ષણ, રહેઠાણો, ન્યાય તેમજ પર્યાવરણ સહિતના અનેક ક્ષેત્રોમાં કાયદા બનાવવાની સત્તા ધરાવે છે.

સ્કોટલેન્ડમાં દરેક વ્યક્તિનું સ્કોટીશ પાર્લામેન્ટના આઠ સભ્યો (સંસદ સભ્યો – એમ.પી.) દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવે છેઃ એક તેમના પોતાના મતવિસ્તાર (અથવા સ્થાનિક વિસ્તાર) માટે અને તેઓ જ્યાં રહેતાં હોય તે વિસ્તૃત મતદાર વિસ્તાર માટે સાત સભ્યો.

તેમાં આ મુજબ ચૂંટાયેલા 129 સંસદ સભ્યો હોય છેઃ

- 73 મતવિસ્તારના સંસદ સભ્યો, 73 મતવિસ્તારો માટે દરેક દીઠ એક
- 56 પ્રાંતિય સંસદ સભ્યો, સ્કોટલેન્ડના આઠ પ્રાંતો માટે દરેક પ્રાંત દીઠ સાત.

સ્કોટીશ પાર્લામેન્ટ  વિશે વધુ જાણકારી માટે,
**scottish.parliament.uk** પર જાવ.



# વધુ માહિતી કેવી રીતે મેળવવી

જો તમને કોઈ પ્રશ્નો હોય, અથવા આ પત્રિકા બીજી કોઈ ભાષામાં કે સ્વરૂપમાં મેળવવા માગતાં હો, તો **aboutmyvote.co.uk** પર જાવ. અથવા અમારી હેલ્પલાઈનને **0800 3 280 280 પર ફોન કરો.**

@ElectoralCommUK



Images © Scottish Parliamentary Corporate Body – 2012.
ઓપન સ્કોટીશ પાર્લામેન્ટ લાઈસન્સ v1.0 હેઠળ લાઈસન્સ પ્રાપ્ત.

આ ઈલેક્ટોરલ કમિશન દ્વારા બનાવવામાં આવેલ છે,
Lothian Chambers, 59-63 George IV Bridge, Edinburgh EH1 1RN.

YOUR VOTE MATTERS
DON'T LOSE IT

© The Electoral Commission 2016